નવ ગુજરાત સમય ફ્રન્ટ પેજ,

પાના નંબર :- ૨૨

તારીખ :- ૧૩/૧૦/૨૦૨૫

# મેટ્રો રેલમાં દૈનિક સરેરાશ મુસાફરોની સંખ્યા 35,000થી વધીને 1.5 લાખે પહોંચી

**નવગુજરાત સમય > ગાંધીનગર**

અમદાવાદ મેટ્રોના શરૂઆતનાં દિવસોમાં સરેરાશ 35,000 મુસાફરો મુસાફરી કરતા હતા. આ આંકડો આજે વધીને 1.5 લાખ સુધી પહોંચી ગયો છે. અત્યાર સુધીમાં મેટ્રોમાં કુલ 10.38 કરોડ નાગરિકો મુસાફરી કરી ચૂક્યા છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને 99.84 ટકા સમયસર સેવા આપીને મુસાફરોનો વિશ્વાસ જીત્યો છે. સરકાર માને છે કે, ગુજરાતના શહેરો હવે ટ્રાફિક નહીં પરંતુ ટ્રાન્ઝિટની નવી ઓળખ સાથે આગળ વધી રહ્યા છે.

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો નવેમ્બર-2014માં મંજૂર થયો હતો. માર્ચ-2019માં વસ્ત્રાલ ગામથી એપેરલ પાર્ક સુધી 6.5 કિમીનો પ્રથમ ભાગ શરૂ થતા અમદાવાદના નગરજનોને નવી સફરની શરૂઆત મળી હતી. બીજા તબક્કામાં ગાંધીનગર અને અમદાવાદને જોડતો કુલ 28.2 કિમીનો રૂટ તૈયાર કરાયો છે. જ્યારે સચિવાલય સુધીનો ભાગ એપ્રિલ-2025માં ખૂલ્લો મૂકાયો હતો. ટૂંક સમયમાં અમદાવાદથી મહાત્મા મંદિર સુધીનો રૂટ સંપૂર્ણ કાર્યરત થતા કુલ 68 કિ.મી.ના રૂટ ઉપરના 54 સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે.